મહત્તમ : ૨૭.૪ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૩૮ ટકા

ગાંધીનગર તાપમાન

આવતીકાલથી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

મહાત્મા મંદિર ખાતે ત્રિદિવીય સમિટમાં પાટીદાર ઉદ્યોગ માંધાતાઓ પધારશે : આશરે ૩ લાખ જેટલા મુલાકાતીઓનો આશાવાદ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે તા. ૫મી જાન્યુઆરી, શુક્રવારથી સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર આયોજિત 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ'નો પ્રારંભ થઈ રહ્યો છે. ત્રણ દિવસ ચાલનારી આ બિઝનેસ સમિટની ૩ લાખથી વધુ પાટીદારો મુલાકાત લેશે તેવો આશાવાદ વ્યક્ત કરાઈ રહ્યો છે.

ભારત ઉપરાંત વિશ્વભરમાં નામાંકિત ૧૦ હજાર જેટલા ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિ અને ૫૦૦થી વધુ સ્ટોલ્સના આયોજન સાથે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટમાં દેશ વિદેશના પ્રખર વક્તાઓ ૬ હજાર ઉદ્યોગપતિઓની કોન્ફરન્સને સંબોધિત કરશે. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-જીપીબીએસનો ઉદઘાટન સમારોહ તા. ૫મી જાન્યુઆરીએ સવારે ૧૦ કલાકે માતૃશક્તિ દ્વારા દીપ પ્રાગટય થકી કરાશે. જીપીબીએસનો હેતુ સમાજના નાના, મધ્યમ તથા મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણને પ્રોત્સાહન આપવા સાથે નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવા, તેમને મદદરૂપ થવા તેમજ શિક્ષિત યુવાનોને તાલીમબધ્ધ કરી સન્માન સાથે રોજગારી અપાવવાનો છે.

જીપીબીએસના ઉદઘાટન સમારોહમાં ઝાયડસ કેડિલાના પંકજભાઈ પટેલ, સુઝલોનના તુલસીભાઈ તંતી, યુએસએથી આવેલા ડૉ. વિઠ્ઠલભાઈ ધડુક તથા ડૉ. કિરણભાઈ પટેલ જેવા માંધાતાઓ સંબોધન કરશે. આ દિવસે બપોરના સમારોહમાં રામ ક્રિષ્ણા એકસપોર્ટના ગોવિંદભાઈ ધોળકિયા તથા જાણીતા મોટીવેટર શિવખેરાનું વકતવ્ય તથા આખરી સત્રમાં પદ્મશ્રી મથુરભાઈ સવાણી અને ગણપતભાઈ પટેલના વકતવ્યો યોજાશે. આ સત્રમાં પાટીદાર ઉદ્યોગરત્ન એવોર્ડ સન્માન સમારંભ યોજાશે.

જીપીબીએસના દ્વિતિય દિવસે અજંતા ઓરેવા ગૃપના જયસુખભાઈ પટેલ, બાલાજી વેફર્સના ચંદુભાઈ વીરાણી, મેઘમણી ઓર્ગેનિકસના જયંતિભાઈ પટેલ, હરે ક્રિષ્ણ એકસપોર્ટના ઘનશ્યામભાઈ ધોળકિયા, ઝાયડસ ગૃપના સુનિલભાઈ પારેખ અને ઉજજવલ પટણી જેવા વક્તાઓ સંબોધન કરશે. આ ઉપરાંત ડૉ. ચિતરંજન પટેલ, દર્શન પટેલ, ગૌ સેવા આયોગના ચેરમેન વલ્લભ કથિરીયા, પીનાકીન પટેલ જેવા વક્તાઓના સંબોધન બાદ સાંજે સહજ સંવાદ અને ફિલ્મીગીતોનો રસોત્સવ યોજાશે. અંતિમ દિને એટલે કે તા. ૭મી જાન્યુઆરી રવિવારે જાણીતા લેખક ચેતન ભગત યુવાનો માટે નવી ક્ષિતિજો વિષયે વક્તવ્ય આપશે.

@ગાંધીનગર

● જિલ્લાના કોંગ્રેસના ધારાસભ્યોનો સત્કાર સમારંભ સવારે ૧૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે-૧૭ ખાતે યોજાશે.

● ગાંધીનગર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની માસિક બેઠક સાંજે ૪ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજો માળ, સે-૨૨ ખાતે યોજાશે.

સેક્ટર-૨૧ ખાતે શ્રીમદ્ દેવી ભાગવત યજ્ઞ આરંભાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતે 'શ્રીમદ્ દેવી ભાગવત નવાહ યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું છે તથા તે અંતર્ગત શોભાયાત્રા નિકળી હતી. પ્લોટ નં. ૬૫૫, પંચશીલ પાર્ક, સે-૨૧, ગાંધીનગર ખાતે તા. ૩-૧-૨૦૧૮ને બુધવારથી કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તા. ૧૧-૧-૨૦૧૮ને ગુરુવાર સુધી રોજ બપોરે ૨ થી ૫ કલાક સુધી કથા ચાલશે. જેમાં વક્તા ઉર્વશીબેન જે. દવે વ્યાસપીઠ ઉપર બિરાજમાન છે અને ભક્તોને કથામૃત પીરસી રહ્યા છે. આ કાર્યક્રમમાં જય અંબે ચુંદડીવાળા માતાજી, હિરાબા માતાજી, ગોપાલભાઈ પાઠક, દિલીપદાસજી મહારાજ, લંકેશબાપુ, કર્ણવભાઈ જોષી, રાજેન્દ્રભાઈ જોષી તથા ચંદ્રકાન્તભાઈ શુકલ ઉપસ્થિત રહેશે.

ચ માર્ગ પર અજાણ્યા વાહનની ટકકરે સાયકલ ચાલકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૩

શહેરના ચ માર્ગ પરથી બેફામ ગતિએ જતી અજાણી કારે ચ-૫ થી જિલ્લા પંચાયત માર્ગ પર ૨૨ ડિસેમ્બરની રાત્રે એક સાયકલ ચાલકને અડફેટે લઈ લેતા સાયકલ ચાલક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ ઘાયલ યુવાનનું બે સપ્તાહ બાદ સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું છે. મૃતકના સસરાની ફરિયાદ આધારે સે-૭ પોલિસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી મહિતી મુજબ ૩૫ વર્ષીય અશોકભાઈ પુદનભાઈ કોરી ૨૨ ડિસેમ્બરની રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં પોતાની સાયકલ લઈને ચ માર્ગ પરથી જઈ રહ્યા હતા તે દરમિયાન ચ-૫થી જિલ્લા પંચાયત રોડ વચ્ચે તેમની સાયકલને બેફામ જતી અજાણી કારે જબરદસ્ત ટકકર મારતા સાયકલ સાથે અશોકભાઈ ઉછળીને પટકાયા હતા. અકસ્માતમાં અશોકભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે લઈ જવાયા હતા. બે સપ્તાહથી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા યુવાનને તબીબે મૃત જાહેર કર્યા છે તો બીજી તરફ અકસ્માત સર્જીને કાર સાથે ચાલક રફ્ફુચક્કર થઈ ગયો હતો. તે હજુ પકડાયો નથી. સે-૭ પોલિસ મથકના પીએસઆઈ એસ.ડી. કળાતરાએ મૃતક અશોકભાઈના સે-૨૩ ખાતે રહેતા સસરા રામમગન નાગસર કોરીની ફરિયાદ આધારે અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કરી ચ રોડના સીસીટીવી ફુટેજ આધારે ફરાર આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

સિસિકા દ્વારા ગરમ ધાબળા-સ્વેટરનું વિતરણ

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ૩૦૦ નંગ ધાબળા બોરીજ, જીઈબી, ઘ-૬, સરકારીપ્રેસ, સેક્ટર-૨૮, ચરેડી, સેક્ટર-૩૦, ૨૦અને૧૯ની ઝુંપડપટ્ટી, પેથાપુર, પીંડારડા, અલુવા તેમજ મુબારકપુરમાં વિધવાઓને તથા જરૂરીયાતમંદ બહેનોને સિસિકા દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની સે-૧૨, ૧૩ની ૪ આંગણવાડીઓની પ્રાથમિક શાળામાં ૧૪૦ નંગ સ્વેટરો જરૂરિયાતમંદ બાળકોને વિતરણ કરવામાં આવ્યા હતા.

આ સેવામાં કન્વીનર મનહરભાઈ શાહ, બી.ડી. શાહ, રસિકભાઈ ગાંધી, દશરથભાઈ પરમાર, અક્ષયભાઈ રાણા, જીવણલાલ શાહ, પ્રતાપભાઈ પાલ્લીય અને મહિલા કન્વીનર આશાબેન જોશી, મીનાબેન શાહે સેવાઓ આપી હતી.

સેકટર-૧૭ એકિઝબીશન ડોમમાંથી પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૩

શહેરના સેકટર-૧૭ ખાતે આવેલા એકિઝબીશન સેન્ટરમાં ખાદ્ય ખુરાક ૨૦૧૮ ચાલી રહ્યું છે. મહાનગર પાલિકાનાં પ્લાસ્ટીક વિરોધી દળના અધિકારી મહેશ મોડની ટીમે આજે આ એકિઝબીશન સેન્ટરમાં દરોડો પાડયો હતો. અલગ અલગ ડૉમમાંથી સાડા બાર કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો મસ મોટો જથ્થો પકડી પાડયો છે. પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કરી ફરીથી પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો વપરાશ ન કરવા કડક સુચના આપી દેવામાં આવી છે.

ઝુંડાલ કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

અડાલજ નજીક ઝુંડાલ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં આશરે ૩૫ થી ૪૦ વર્ષન અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતદેહ અંગે અડાલજ પોલિસને જાણ થતા ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી મૃતકની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. મૃતકની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. તેના શરીરે કાળુ પેન્ટ અને સ્લેટીયા કલરનો શર્ટ પહેરેલો છે. પોલિસે તેની ઓળખ માટે તપાસ તેજ બનાવી છે.

વાતવાતમાં

● મહારાષ્ટ્રના પૂણે ખાતે ફેલાયેલી હિંસાને પગલે સમગ્ર દેશમાં ચિંતાનું મોજું પ્રસરી વળ્યું છે. આ હિંસા મુંબઈ અને દક્ષિણ ગુજરાત સુધી પ્રસરવાની આશંકા સાથે ગાંધીનગરમાં પણ પોલિસ એલર્ટ મોડ પર આવી જવા પામી છે.

● ગાંધીનગરમાં વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થયા બાદ જિલ્લા ભાજપ કાર્યાલયના કર્મયોગીઓ કચ્છના પ્રવાસે ગયા છે તો જિલ્લા પ્રમુખ દેવદર્શન કરવા પાલીતાણા સહિતના યાત્રાધામો પર ગયા છે.

● રાજયના નાયબ મુખ્યમંત્રી આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા હોવાથી આજે રાજયની તમામ પંચાયતોના જિલ્લા વિકાસ અધિકારીઓ અને આરોગ્યના તમામ જિલ્લાના અધિકારીઓ સાથે સંયુકત વિડીયો કોન્ફરન્સ કરી શાળા-આરોગ્ય સઘન રસીકરણ અભિયાન સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

● ગુજરાતની નવ નિર્વાચિત ભાજપ સરકારની એક સાંધતા તેર તુટે તેવી હાલત થઈ રહી છે. જેની સોશ્યલ મિડીયા પર ખૂબ ફિરકી લેવાઈ રહી છે. સોશ્યલ મિડીયા પર ભાજપના સુત્રનું રિમિકસ 'રિસાશે ગુજરાત, મનાવશે ગુજરાત' ખૂબ ટ્રેન્ડ થવા પામ્યું છે.

પરીક્ષામાં ટાઈમ મેનેજમેન્ટ માટે વિદ્યાર્થીઓ માટે તાલીમ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૩

આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ માટે ટાઈમ મેનેજમેન્ટ શીખવું અગત્યનું પરિબળ બન્યું છે. શહેરના કિશોર કલાસીસ ખાતે ધો-૧૨ના બોર્ડના પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે ટાઈમ મેનેજમેન્ટ અંગે યોજાયેલા સેમિનારમાં વક્તા પ્રિયંકા જૈન રાવલે વિદ્યાર્થીઓને ઉપયોગી ટીપ્સ પુરી પાડી હતી.

પરીક્ષામાં સમયનું યોગ્ય નિયમન કરવા માટે વિદ્યાર્થીઓએ નોટસ બનાવવી, ચેકલિસ્ટ તૈયાર કરવું, તારીખ વાઈઝ વિષયની તૈયારી માટે સમયપત્રક બનાવવું તેમજ લક્ષ્યાંક નક્કી કરી તે પ્રમાણે તૈયારી કરવા પ્રિયંકા જૈન રાવલે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. આ

સાથે તેમણે વિદ્યાર્થીઓને પરીક્ષાથી ડરવાને બદલે તેનો આનંદ ઉઠાવવા પણ સલાહ આપી હતી. કાર્યક્રમના પ્રારંભે કલાસિસના સંચાલકોએ વકતાનું સ્વાગત કર્યું હતું તથા સમાપને આભારદર્શન વ્યકત કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા કૌશલભાઈ, રજતભાઈ, મૌલિકભાઈ તથા સંકેત ગોરે જહેમત ઉઠાવી હતી.

શાળાઓમાં ઊર્જા બચાવ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૩

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં ઊર્જાનો બેફામ વપરાશ થઈ રહ્યો છે. માનવી જેમ જેમ વિકાસની કેડીએ આગળ વધતો જાય છે તેમ તેમ ઊર્જાનો બિનજરૂરી વપરાશ પણ વધી રહ્યો છે. આજના આ ઊર્જા કટોકટીના યુગમાં લોકો ઊર્જા બચત અને તેની અગત્યતા સમજે તે હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા લોકમાનસ સુધી આ સંદેશો પહોંચાડવાના આશયથી ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના માધ્યમથી 'બાલ ઊર્જા રક્ષક દળ' કાર્યક્રમ કાર્યરત છે.

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં આ બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચલાવવામાં આવે છે. આ વર્ષે 'અવેરનેસ જનરેશન પ્રોગ્રામ ઓન સસ્ટેનેબલ એનર્જી' થીમ આધારિત કાર્યક્રમો ગાંધીનગર જિલ્લાની ૬૦ માધ્યમિક શાળાઓમાં કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ઉર્જા પોસ્ટર પ્રદર્શન, ઉર્જા કિવઝ, ઉર્જા જાગૃતિ ફિલ્મ, ઊજા બચત અંગે વ્યાખ્યાન, ઉર્જા પ્રશ્નોત્તરી વગેરેનું આયોજન કરવામાં આવશે. ઊર્જા કિવઝ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ પણ આપવામાં આવશે. તજજ્ઞો દ્વારા ઊર્જા બચત અંગેના વ્યાખ્યાનો પણ આપવામાં આવશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૨-૧-૧૮ના રોજ એમ.બી. પટેલ હાઈસ્કુલ વાવોલ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહેમાન તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલ વિજ્ઞાન શિક્ષક નારાયણભાઈ ચૌધરી તેમજ અન્ય શિક્ષકો પણ હાજર રહ્યા હતા. શાળાના ધોરણ-૯, ૧૦ના ૧૦૦ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ડૉ. અનિલભાઈએ તેમના વકતવ્યમાં ઊર્જાના વિવિધ સ્ત્રોતો, જરૂરિયાતો અને ઊર્જા બચત અંગે પોતાના વિચારો પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજુ કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી. ગાંધીનગરની જિલ્લાની અન્ય શાળાઓમાં પણ આગામી દિવસે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

જુના સચિવાલય ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩

માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ખાતે વર્ષ ૧૯૮૨ થી ૨૦૦૦ સુધીના સમયગાળા દરમિયાન ફરજ બજાવતા વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ના અધિકારીઓ તથા કર્મચારીઓ કે જેઓ નિવૃત્ત થયેલ હોય કે હાલમાં અન્ય વિભાગમાં ફરજ બજાવતા હોય તેઓનું એક સ્નેહમિલન કાર્યક્રમ જુના સચિવાલય કેન્ટીન, ગાંધીનગર ખાતે તા. ૫-૧-૨૦૧૮ને શુક્રવારના રોજ સાંજે ૪ કલાકે રાખવામાં આવેલ છે. આ સ્નેહમિલન કાર્યક્રમ પ્રથમવાર યોજાઈ રહેલ હોઈ સર્વેને સમય ફાળવીને હાજર રહેવા વિનંતી કરાઈ છે. દરેકને ડી.એફ. શાહ દ્વારા મો.નં. ૯૪૦૮૭૮૩૪૯૭ ઉપર સંપર્ક કરીને નામ નોંધાવવા અનુરોધ કરાયો છે.

સરગાસણ ચોકડી નજીક હીટ એન્ડ રન

પ્લેઝર લઈને જતા પ્રૌઢને ટકકર મારી કારચાલક ફરાર : પોલિસે તપાસ આરંભી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક વધુ એક હીટ એન્ડ રનની ઘટના ધ્યાને આવી છે. સરગાસણ ચોકડીથી અડાલજ તરફ જવા પ્લેઝર લઈને નીકેલા પ્રૌઢને બેફામ જતી એક સિલ્વર કલરની અજાણી કારે ટકકર મારતા પ્લેઝર ચાલક પ્રૌઢનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. બપોરે બનેલી આ ઘટના બાદ કાર સાથે તેનો ડ્રાઈવર રફ્ફુચક્કર થઈ ગયો હતો. ઈન્ફોસીટી પોલિસે મૃતકના દિકરાની ફરિયાદ આધારે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી તેના સુધી પહોંચવા સીસીટીવી ફુટેજ આધારે તપાસ આરંભી દીધી છે.

મળતી માહિતી મુજબ શહેર નજીક સરગાસણ ખાતે પ્રાર્થના ગ્રીન્સ ફલેટમાં મકાન નં. ઈ/૪૦૪માં રહેતા ભરતભાઈ ભગવાનભાઈ ઠકકર આજે બપોરે પોતાનું પ્લેઝર લઈને સરગાસણ ચોકડીથી અડાલજ તરફ જવા નીકળ્યા હતા તે દરમિયાન ધસમસતી આવેલી એક સિલ્વર કલરની ગાડીના ચાલકે ભરતભાઈના પ્લેઝરને અડફેટે લઈ લેતા ફંગોળાઈને તેઓ જબરદસ્ત રીતે રસ્તા પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. આમ્રપાલી એન્ડ કંપનીમાં નોકરી કરતા ભરતભાઈનું હોસ્પિટલમાં જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. તો બીજી તરફ અકસ્માત બાદ કારચાલક ઉભો પણ રહ્યો ન હતો. ઈન્ફોસીટી પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી મૃતકના દિકરા ધવલભાઈ ઠકકરની ફરિયાદ આધારે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવાના પરિવારોએ અનોખી થર્ટી ફર્સ્ટ ઉજવી

પરિવાર સહિત મુકિતધામ, કૈલાશબા વૃધ્ધાશ્રમ, રાહેલ બા વૃધ્ધાશ્રમ અને અનાથાશ્રમની મુલાકાત લેવા સાથે પારિવારિક રમતોનો આનંદ માણ્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજના પરિવારોએ અનોખી રીતે થર્ટી ફર્સ્ટ ઉજવી હતી. આ સંસ્થાના પરિવારોએ સે-૩૦ના મુકિતધામ ઉપરાંત પેથાપુરના કૈલાશધામ વૃધ્ધાશ્રમ, રાહેલબા વૃધ્ધાશ્રમ વગેરેમાં વડીલો સાથે ઉજવણી કર્યા બાદ કાશ્મિર વેલી ખાતે પારિવારીક રમતોનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમના અંતમાં આ પરિવારોએ ધેધુ ખાતેના અનાથાશ્રમની પણ મુલાકાત લીધી હતી.

થર્ટી ફર્સ્ટની ઉજવણી હોય કે નૂતન વર્ષનું સ્વાગત પરંતુ નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના પરિવારોએ તા. ૩૧મી ડિસેમ્બરે પરિવાર સહિત અનોખી ઉજવણી કરવાનું આયોજન કર્યું હતું. વહેલી સવારે આ પરિવારો ઘ-૫ સર્કલ પાસે એકઠા થઈ સાથે જ મુકિતધામ ખાતે પહોંચ્યા હતા. મુકિતધામના સૌંદર્યને માણ્યા બાદ આ પરિવારોએ પેથાપુરના કૈલાશધામ વૃધ્ધાશ્રમ તથા નજીકના રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલો સાથે સમય વિતાવ્યો હતો. પીંડારડા નજીક કાશ્મિર વેલી ખાતે આ પરિવારોએ પરંપરાગત રમતોનો આનંદ માણી કુટુંબ ભાવના તથા પરસ્પર સ્નેહના સંબંધને મધુ મજબૂત બનાવ્યો હતો. અંતમાં ધેધુ પાસેના અનાથાશ્રમની મુલાકાત લઈ આ અનોખી ઉજવણીનું સમાપન કરવામાં આવ્યું હતું.

કનૈયાલાલ મુનશીના સ્મરણમાં 'અસ્મિતા' વકતવ્ય માળા યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સાહિત્યસભા અને શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના યજમાન પદે દિનાંક છ જાન્યુઆરીએ સવારે ૯.૩૦ કલાકે 'અસ્મિતા' વકતવ્ય માળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત પ્રેસ અકાદમીના સંયુકત ઉપક્રમે આ વકતવ્ય યોજાયું છે. ભવન્સ કલ્ચરલ અકાદમીના નિયામક જીગર રાણા એ આ કાર્યક્રમનું સંકલન કર્યું છે.

આ વકતવ્યમાં ગાંધીનગરના બે સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અને કલ્પેશ પટેલ કનૈયાલાલ મુનશીના બહુઆયામી વ્યકિતત્વને ઉજાગર કરશે. ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે સૌ સાહિત્યપ્રેમીઓને શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજ પધારવા સહર્ષ આમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનગર વૈષ્ણવ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, ગાંધીનગરના રજત જયંતિ મહોત્સવના શુભ અવસરે ૮મી ફેબ્રુઆરીના રોજ છપ્પનભોગ બડોમનોરથના ભવ્ય આયોજન માટે ગાંધીનગરના વસતા સૌ વૈષ્ણવોની એક બેઠક તા. ૭-૧-૨૦૧૮ના રોજ, રવિવારે સાંજે ૪.૦૦ કલાકે હવેલી મંદિર, સેકટર-૨૧માં બેઠક રાખવામાં આવી છે. જેમાં સર્વે વૈષ્ણવોને ખાસ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

સ્વામી વિવેકાનંદ યુવા મંચની ૨૧મી શિબિર

ગાંધીનગર, તા.૩

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામ પ્રેરિત વિવેકાનંદ યુવા મંચની ૨૧મી શિબિર તા. ૭મી જાન્યુઆરીના રોજ ગિયોડ અંબાજી મંદિર ખાતે સવારે નવ વાગે યોજવામાં આવેલ છે. જેમાં તજજ્ઞો દ્વારા જીવન ઘડતરના વિષયો પર માર્ગદર્શન આપવાં આવશે. ૨૫મા સમુહ લગ્ન વ્યવસ્થાપન અંગે પણ ચર્ચા કરવામાં આવશે. તો યુવાનો એ કપલ સાથે હાજરી આપવા યુવા મંચના કન્વીનર જશુભાઈ ગુર્જરે જણાવ્યું છે.

ગાંધીનગરના નિવૃત્ત અધિકારીઓ કર્મચારીઓનું સ્નેહમલિન

ગાંધીનગર સ્થિત કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા નિવૃત્ત અધિકારીઓ અને કર્મચારીઓના સ્નેહમિલનનું આયોજન છઠ્ઠી જાન્યુઆરીને શનિવારના રોજ સવારે ૧૧ કલાકે 'રાધે થાળ' ઈન્ફોસીટી ચાર રસ્તા, ગાંધીનગર ખાતે યોજાશે.

આ સ્નેહમિલન સમારંભમાં ઉપસ્થિત રહેવા ગાંધીનગરના નિવૃત્ત અધિકારીઓ અને કર્મચારીઓને ભાવભીનું આમંત્રણ ખેમચંદભાઈ આર. પટેલ દ્વારા આપવામાં આવેલ છે.

અવસાન નોંધ

ગાંધીનગરના સેકટર-૨ડીમાં સ્વામિનારાયણ મંદિર નજીક પ્લોટ નં. ૧૭૪૮/૨ ખાતે રહેતા રામશંકર છોટાલાલ જાની (વેડા)નું તા. ૧લી જાન્યુઆરીના રોજ દુ:ખદ અવસાન થવા પામ્યું છે. સદગતનું બેસણું તા. ૪થી જાન્યુઆરી ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાને યોજવામાં આવ્યું છે.

ચિરવિદાય

● સ્વ. અશોકકુમાર પુદનભાઈ કારી, ઉ.વ. ૩૫